


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી વિહાર સેવા ગ્રૃપ સંચાલિત

# મોrning ન્યુઝ

વર્ષ-૧, અંક - ૫ ફાગણ સુદ-૧૫, ૨૦૭૦ તા. ૧૬-૦૩-૧૪

તંત્રી : ડો. સંજયભાઇ શાહ - સુરત
મો. ૯૮૨૫૧૨૧૪૫૫


## ગુડ મોrning

### मरणं मंगलं यस्य, जीवनं सफलं तस्य ॥

જીવન તો ઘણા જીવે છે...
પણ સફળ કોનું ?
કરોડો રૂપિયા બનાવ્યા એનું ?
રૂપાળી પત્ની મેળવી એનું ?
બે બંગલા અને ચાર કારના માલિક બન્યા એનું ?
ના, જ્ઞાની ભગવંત
આનો બહુ ટૂંકમાં જવાબ આપે છે...
જેનું મૃત્યુ મંગળ છે / મહોત્સવરૂપ છે
એનું જીવન સફળ છે.
એક લેખકે સરસ વાત લખી છે...
'એ મર્યો કઈ રીતે એ તમે મને કહી દો,
તો એ જીવ્યો કઈ રીતે એ હું તમને કહી દઈશ.'
આઠ વર્ષનું નાનું બાળક પણ
હસતાં હસતાં મૃત્યુને ભેટે તો
એની આઠ વર્ષની જિંદગી સફળ છે.
એંસી વર્ષની વયે પણ
જો ઘર / પરિવાર / પૈસામાં
મમત્વ રહી જતાં પ્રાણ છૂટતા ન હોય
તો એંસી વર્ષની લાંબી જિંદગી પણ નકામી છે.
ટૂંકમાં, જીવનમાં શાંતિ હોય
તો મૃત્યુ વખતે સમાધિ રહે
અને મૃત્યુ વખતે સમાધિ રહે
તો પરલોકમાં સદ્ગતિ મળે.

### बलं मूर्खस्य मौनत्वं ॥

સાપનું શસ્ત્ર છે દાંત,
ગધેડાનું શસ્ત્ર છે લાત,
વાઘનું શસ્ત્ર છે નખ,
ગાયનું શસ્ત્ર છે શિંગડાં,
તો મૂર્ખ માનવનું શસ્ત્ર છે મૌન.
મૌનમાં ઘણી બધી તાકાત છે.
મૌનથી
- શક્તિનો સંચય થાય,
- વચનલબ્ધિ પ્રગટે,
- સંઘર્ષો થતા અટકે.

દ્રૌપદીએ જો મૌન રાખ્યું હોત
તો કદાચ મહાભારતનું સર્જન ન થાત.
મૂર્ખ આદમી જો મૌન રાખે
તો જગતમાં
ક્યારેક પંડિત તરીકે એની પૂજા થાય,
પણ સાથે એ પણ યાદ રાખવાનું કે
પંડિત માણસ પણ
અવસર–અનવસરને ઓળખ્યા વગર
જો બોલબોલ કરે તો મૂર્ખ ઠરે.
વર્ષમાં એક પર્વ
મૌન એકાદશી (માગસર સુદ–૧૧)નું
ગોઠવીને
જ્ઞાની ભગવંતોએ પણ
મૌનનો ઘણો મહિમા ગાયો છે.

- ક્વોલિટી



# મોrninગ ટોક

– પં. શ્રી મહાબોધિ વિ. ગણિવર

❖ રોજ હું પૂજા કરું છું... પણ આ વખતે ચોમાસામાં શરદી બહુ થઈ ગઈ... એટલે આ ચોમાસામાં પૂજા નહિ થાય.

❖ રોજ સવારે ઉઠીને નિયમિત દેરાસર જવાની મને આદત છે, પણ ક્યારેક ઉઠવામાં જરા લેઇટ થઇ જાય છે ત્યારે દર્શન કરવા જવાતું નથી.

❖ આમ તો રોજ સામાયિક કરું છું, પણ જ્યારે ઘરે પહોંચતા મોડું થઇ જાય, કોઈ કામ આવી જાય... ત્યારે સામાયિક રહી જાય છે.

❖ દર સુદ પાંચમનો ઉપવાસ કરું છું... પણ જે સુદ પાંચમના મેરેજ હોય....એ ઉપવાસ વદ પાંચમના કરું છું.

આવા બહાનાઓ અને બાંધછોડ કરનારાઓને વચનપાલનની પ્રતિબદ્ધતાનો ઉપદેશ પછી આપીએ.... એ પહેલા કેટલાક દૃષ્ટાંતો બતાવીએ.

ચાતકનું નામ સાંભળ્યું છે ?

ગમે તેટલું તરસ્યું થાય... તોય એ વરસાદના પાણી સિવાય બીજું પાણી ક્યારેય પીતું નથી. પાણી નહિ મળે તો મરી જશે પણ ગટરનું પાણી તો ક્યારેય નહિ પીવે.

શ્રૃંગીમત્સ્યની વિશષતા સાંભળી છે ?

ખારા દરિયામાં ફરવા છતાં....એ ખારું પાણી નથી પીતું. જ્યારે પણ તરસ લાગે.... એ મીઠું પાણી જ પીવાનો આગ્રહ રાખે છે. અને એની પ્યાસને લીધે એ ખારા દરિયામાંથી પણ મીઠું પાણી શોધી કાઢે છે.

રાજહંસનું નામ તો ઘણીવાર સાંભળ્યું છે....

પણ એની વિશેષતા જાણો છો ? ગમે તેવું ભૂખ્યું થાય તોય એ ઉકરડામાં મોઢું નહિ નાંખે, જ્યારે પણ ભૂખ લાગશે ત્યારે માનસરોવરના મોતીનો ચારો જ ચરશે.

અને છેલ્લું દ્રષ્ટાંત....

અંગધનકુળના નાગની દશવૈકાલિક શાસ્ત્રમાં વાત આવે છે. એની એક વિશેષતા છે. આ નાગ એક વાર જેને ડંખ મારે, પછી મદારી એ ઝેરને પાછું ચૂસવા એને બોલાવે તો ઝેર ચૂસવા તૈયાર નથી થતો. અરે ! મદારીએ બાજુમાં સળગાવેલી આગમાં બળીને ખાખ થઇ જશે, પણ પોતે વમેલું ઝેર ક્યારેય પાછું નહિ ચુસે.

આ ચારેય દૃષ્ટાંત કોઇ માનવીના નથી. પશુ અને પક્ષીના છે. પશુ-પક્ષી પણ જાનના જોખમે પોતાની મર્યાદા તોડતા નથી, પરંપરાનું વ્યવસ્થિત પાલન કરે છે... તો આપણે તો મનુષ્ય છીએ ! એમના કરતા કેઇ ગણી શક્તિ ધરાવનારા છીએ. ત્યારે આપણે સાવ સામાન્ય પ્રસંગોમાં આપણી પ્રતિજ્ઞાનું ખંડન કરીએ તે કેમ ચાલે ?




# મોrning સ્ટોરી

મહારાષ્ટ્રનું પ્રસિદ્ધ તીર્થ પાબળ. અહીંથી 8.K.m. દૂર એક ગામ છે. જેનું નામ વાફગાંવ. આ ગામમાં થયેલ ઇતિહાસ પ્રસિદ્ધ મહારાણીનું નામ હતું અહલ્યાબાઈ હોલકર. સત્ય અને સાહસથી ભર્યાભર્યા આ મહારાણીના ગુણોથી પ્રભાવિત થઈને એક બ્રાહ્મણ પંડિતે એમના વિશે સંસ્કૃતમાં સુંદર મજાનું પ્રશસ્તિકાવ્ય રચ્યું.

બ્રાહ્મણ ગરીબ હતો. આ કાવ્યના બદલામાં રાણી પાસેથી સારો પુરસ્કાર પણ મળશે... એ ગણતરીથી પોતાનું કાવ્ય લઈને એ પહોંચી ગયો મહારાણી પાસે. અત્યંત ઉત્સાહ સાથે એણે મહારાણી આગળ પોતે રચેલ કાવ્યની વાત કરી. પણ કમાલ ! પંડિતજીએ ધાર્યા કરતા પરિણામ જુદું જ આવ્યું. મહારાણીએ આ કાવ્ય સાંભળવાની તો શું જોવાની પણ ના પાડી દીધી.

ગરીબ બ્રાહ્મણના મુખ પર નિરાશાની વાદળી ફરી વળી. એને થયું, મારો પુરુષાર્થ પાણીમાં ગયો. મને જસ તો ન મળ્યો, પણ મારી મહેનતનું વળતર પણ ન મળ્યું. ચતુર મહારાણીથી આ ચિંતા છૂપી ન રહી. અંતે તો એ એક નારી હતી ને ! નારીના મુખ્ય ગુણોમાંથી એક મહત્ત્વનો ગુણ છે... કરુણા. કરુણામૂર્તિ મહારાણીએ ભૂદેવને બોલાવીને સંપૂર્ણ કાવ્ય સાંભળી લીધું. ભૂદેવ તો રાજી રાજી થઈ ગયો.

રાણીએ કાવ્યશ્રવણથી ખુશ થયેલા ભૂદેવને વધુ ખુશ કરવા-એની ચિંતા દૂર કરવા ૨૦૦૦ સુવર્ણમહોર આપી. સાથે કહ્યું : જુઓ પંડિતજી ! તમારી મહેનત એળે ન જાય તે માટે આ પુરસ્કાર આપું છું. પણ હવે આ કાવ્ય લઈને ઘરે ન જતા. સીધા ગામ બહાર નદીએ જઈને આ કાવ્યને જલશરણ કરી દેજો. કારણ કે તમે કરેલી પ્રશંસાને હું જરાપણ લાયક નથી. માટે આ ગ્રંથ કોઈને વંચાવશો નહિ. અને હા, બીજીવાર મારી પાસે પુરસ્કાર મેળવવો હોય તો માત્ર પ્રભુપ્રશંસાના કાવ્યો જ રચીને લાવજો. કારણ કે પ્રશંસા પ્રભુની હોય, અમારા જેવા પામરોની નહિ.

બ્રાહ્મણ તો મહારાણીની આવી આંતરિક જાગૃતિ જોઈને ચકિત જ થઈ ગયો.

આજે પૈસા આપીને ય સ્વપ્રશંસા કરાવતા રાજનેતા, અભિનેતા અને ક્યારેક ધર્મનેતાઓ... પણ જ્યાં ને ત્યાં જોવા મળતા હોય છે, ત્યારે અહલ્યાબાઈ હોલકરના જીવનનો આ પ્રસંગ આપણને અનંતજ્ઞાનીઓએ બતાવેલો સંદેશ આપે છે... કે જીવનમાં ક્યારેય સ્વપ્રશંસા કરશો નહિ, અને સાંભળશો પણ નહિ.

- પં. શ્રી મહાબોધિ વિ. ગણિવર



# મોrninગ વિહાર

સંકલન : વિપુલભાઈ–વલસાડ
(મો.) ૯૮૯૮૭૮૦૮૯૭

## અનુમોદના... અનુમોદના... અનુમોદના...

- કુકરવાડા (તા. વિજાપુર)ના સુરેશભાઈ શાહ (મો.) ૯૪૨૬૩૧૧૦૩૨ / ૯૪૨૬૩૧૧૦૩૩ વર્ષોથી કુકરવાડા આવતા–જતા મહાત્માઓની ગોચરી, પાણી તથા જરૂર પડે તો મેડિકલની સુંદર વ્યવસ્થા કરે છે.
- પૂ.પં.શ્રી પદ્મદર્શન મ.ની પ્રેરણાથી અંકલેશ્વર, પૂ.આ.શ્રી નરરત્નસૂ. મ. (બાપજી મ.)ની પ્રેરણાથી હાલોલ તથા પૂ.મુનિશ્રી પુણ્યરક્ષિત વિ.મ. (પૂ.આ.શ્રી રામચંદ્રસૂ. મ.ના)ની પ્રેરણાથી સંઘપ્રદેશ (સેલવાસ, નરોલી)માં વિહાર સેવા ગ્રુપની સ્થાપના થઈ છે.
- વિહાર સેવા ગ્રુપના અનેક યુવાનો વિહાર સેવા સિવાય ઉત્તરાયણ વખતે 'સેવ બર્ડ્સ', ગિરિરાજની સેવા આદિ અનેક કાર્યોમાં પણ ઉત્સાહથી જોડાતા હોય છે.
- પૂ.આ.શ્રી ગુણરત્નસૂ.મ.ના આજ્ઞાવર્તી પૂ.સાધ્વીશ્રી અમિતરેખાશ્રીજીના શ્રીમુખેથી... 'અમે ગયા વર્ષે રાજસ્થાનમાં પેસુઆ ગામ ગયેલા. ત્યાં જિનાલયની સાલગિરિ હતી. પ્રસંગ પૂર્ણ થયે અમે બીજા દિવસે સ્વરૂપગંજ તરફ વિહાર કરવાના હતા. આ નિમિત્તે સુરતના અનેક યુવાનો સપરિવાર પેશુઆ આવ્યા હતા. બીજા દિવસના અમારા વિહારના સમાચાર મળતા તેઓ વહેલી સવારમાં આવી ગયા. અમે પૂછ્યું : કેમ આવ્યા ? તો તેઓએ કહ્યું : સૂરતમાં તો અમે વિહારસેવા કરીએ જ છીએ... પણ હાલ રાજસ્થાનમાં આવ્યા છીએ, અમારે અહીં કોઈ વિશેષ કામ નથી. સાવ ફ્રી છીએ... તો આપની વિહાર સેવાનો અમને લાભ મળશે. અમને લાગ્યું કે આ યુવાનો માત્ર કર્તવ્ય કે ફરજથી જ વિહાર સેવા નથી કરતા. લાગણી પણ એમાં ભળેલી જ છે.'
- અવારનવાર પૂજ્ય ગુરુભગવંતો તેમજ પૂ.સાધ્વીજી ભગવંતોનો સંપર્ક થાય છે. સહુના મુખેથી એક જ વાત સાંભળવા મળે છે... V.S.G.ના મેમ્બરો વિહારમાં સાથે હોય છે... ત્યારે એકદમ નિશ્ચિંત થઈ જવાય છે.
- વિહાર દરમિયાન સાધુ/સાધ્વીજી ભગવંતોને સાયકલ કે વિલચેર ચલાવનાર ભાઈ–બહેનની વ્યવસ્થા અમદાવાદના ભાવેશભાઈ – ૯૯૯૮૭૩૧૨૫૭ / ૮૧૪૦૮૫૩૩૦૪ વર્ષોથી કરી આપે છે.
- ભિવંડીના V.S.G.ના યુવાનો ત્રણ સ્ટેશન સુધી (ભિવંડીથી શાહપુર – માનસમંદિર) સાધુ–સાધ્વીજી ભગવંતોને લેવા–મૂકવા જાય છે. આ વર્ષે મહિનાના એવરેજ ૧૦૦ વિહારનો લાભ તેઓને મળ્યો છે. અત્યાર સુધીમાં ૪૦૦ થી વધુ વિહારો થઈ ગયા છે.
- સૂરતના યુવાનો સૂરતથી નાહરધામ (મુંબઈ તરફ) અને સૂરતથી કીમ (અમદાવાદ તરફ) એમ બે સ્ટેશન સુધી વિહારનો લાભ લઈ રહ્યા છે.

- અમદાવાદ–પાલડીના પાંચ યુવાનોએ સન્ડેના સ્પેશ્યલ વીરમગામ અને સાણંદ જઈને ત્યાંના યુવાનોને વિહાર સેવા ગ્રુપની સ્થાપનાર્થે પ્રેરણા કરેલ. બંને સેન્ટરમાં ૨૫ જેટલા યુવાનોએ ગ્રુપમાં જોડાઈ જઈ વિહાર સેવા કરવાનું ચાલુ પણ કરી દીધું. આ જ રીતે અન્ય ગ્રુપના યુવાનો પણ પોતાની આજુબાજુના ગામના / સંઘના યુવાનોને પ્રેરણા કરી વિહાર સેવા ગ્રુપની સ્થાપના કરે તે આવકાર્ય છે.
- અમદાવાદથી કલિકુંડના રસ્તે મહિમાધામ તેમજ નાની છાપરીના સંચાલકોએ – V.S.G.ના યુવાનો ગુરુભગવંતો સાથે વિહાર કરીને આવે ત્યારે ખાસ નવકારશીનો લાભ આપીને જ જાય તેવો ભારપૂર્વક આગ્રહ કરેલ છે.
- પૂ.પં.શ્રી પ્રશાંતવલ્લભવિ. મહારાજે પેટલાદના યુવાનો માટે સ્પેશ્યલ પ્રવચન રાખી ગ્રુપના યુવાનોની ખૂબ અનુમોદના કરેલ, તેમજ વિહાર સેવા માટે વધુ સક્રિય કરેલ.
- પેટલાદના વિહારસેવા ગ્રુપના યુવાનો વિહારસેવાની સાથે સાથે વિહાર દરમિયાન જરૂર પડે તો વિલચેર તેમજ વૈયાવચ્ચનો સુંદર લાભ લઈ રહ્યા છે.
- ભિવંડીના યુવાનો ગિરનાર તેમજ રાણકપુર તીર્થની સેવા માટે સુંદર સહયોગ આપી રહ્યા છે.
- ઘાટકોપર–ઈસ્ટ (દિનેશ ભુવન), માટુંગા (C.R.)ના યુવાનો ગુરુભગવંતોને લોકલ વિહારમાં એક સ્ટેશન સુધી વળાવવા જાય છે.
- ભરૂચના યુવાનોએ આ વર્ષે બપોરના પાંચેક વિહાર કર્યા છે. એક ૬૫ વર્ષના કાકા દર મહિને બે વિહાર કરે છે. એક જૈનેતર ભાઈ (૫૦ વર્ષ) પણ ખૂબ સદ્ભાવથી વિહાર સેવામાં જોડાયા છે.
- મુલુંડના લોકેશ વોરા નામના V.S.G.ના યુવાને સહુથી હાઈયેસ્ટ વિહાર કરેલ છે. ગ્રુપમાં ૧૦૮ તરીકે એનું નામ વખણાય છે.
- આણંદ ગ્રુપની પ્રેરણાથી વડતાલના યુવાનોએ વિહારસેવા શરૂ કરી છે.
- ભિવંડીથી શાહપુર જતા પડઘા–વિહારધામના સ્થાપક દિલીપભાઈ બાવીશીએ ભિવંડીના યુવાનોને નવકારશીનો લાભ આપવા સખત આગ્રહ કરેલ છે.
- હાલોલના યુવાનો વિહારની સાથે સાથે નવકારશી અને પાણીની ભક્તિનો પણ સુંદર લાભ લઈ રહ્યા છે.
- વલસાડના યુવાનોએ V.S.G.ની સ્થાપનાને બે વર્ષ પૂર્ણ થતા – એની ઉજવણી નિમિત્તે ૨૩ માર્ચના ટૂકવાડામાં ભવ્ય સ્નાત્ર મહોત્સવ તેમજ સાધર્મિક ભક્તિનું આયોજન કરેલ છે.

**તા.ક. : આપના ગ્રુપમાં પણ આવી અનુમોદનીય પ્રવૃત્તિઓ ચાલતી હોય તો... અવશ્ય જણાવજો. જેથી આગામી અંકમાં તેનો ઉલ્લેખ કરી શકાય.**

## V.S.G.ના કેપ્ટનોનું મિલન

તા. ૨૦–૪–૨૦૧૩, રવિવાર, ચૈત્ર વદ–૫ ના અમદાવાદ–રેવા જૈન સંઘ મધ્યે V.S.G. ગ્રુપના તમામ કેપ્ટનોનું સવારે ૧૦–૦૦ થી ૧–૦૦ સુધી મિલન રાખેલ છે. સહુ કેપ્ટનોને પધારવા નમ્ર વિનંતી છે.

**વિશેષ સંપર્ક માટે : રૂપેશભાઈ ૯૪૨૭૬૧૬૭૧૧ / ૯૧૭૩૧૨૮૮૯૬**

## વિ.સં. ૨૦૭૦ - સન ૨૦૧૪માં
# નવા સ્થપાયેલ વિહાર સેવા ગ્રુપના સેન્ટર

| સ્થળ / કેપ્ટન | મોબાઈલ નંબર |
|---|---|
| **કલ્યાણ : (M.S.)** | |
| મોહનભાઈ | ૯૮૨૦૪૭૫૫૧૫ |
| **વિરમગામ :** | |
| પીનલભાઈ | ૯૮૭૯૫૩૨૭૪૭ |
| અમિતભાઈ | ૯૯૯૮૭૦૪૬૨૩ |
| પ્રતિકભાઈ | ૯૮૯૮૩૬૩૭૫૧ |
| **સાણંદ :** | |
| કેયૂરભાઇ | ૯૪૨૮૧૧૨૦૯૧ |
| મુકેશભાઈ | ૯૮૭૯૫૩૧૮૮૨ |
| ઋષભભાઈ | ૯૭૨૭૦૧૦૨૦૫ |
| **અંકલેશ્વર : (G.I.D.C.)** | |
| નીલેશભાઈ | ૯૮૨૫૦૨૯૩૧૦ |
| હિતેષભાઈ | ૯૮૨૫૨૨૧૯૭૬ |
| **અંકલેશ્વર : (ગામ)** | |
| સંજયભાઈ | ૯૪૨૭૧૮૮૮૮૭ |
| **હાલોલ :** | |
| પ્રવીણભાઇ | ૯૮૨૫૨૪૭૫૭૧ |
| સુરેશભાઇ | ૯૮૯૮૬૮૬૬૧૧ |
| જીતુભાઈ | ૯૯૭૪૯૫૧૦૦૯ |

| સ્થળ / કેપ્ટન | મોબાઈલ નંબર |
|---|---|
| **સેલવાસ : (સંઘ પ્રદેશ)** | |
| ગુંજન શાહ | ૯૮૨૫૦૬૩૩૪૮ |
| શૈલેષ શાહ | ૭૬૦૦૫૪૦૬૦૦ |
| **નરોલી : (સંઘ પ્રદેશ)** | |
| સ્નેહલ ધનરેશા | ૯૮૨૫૦૯૯૭૯૯ |
| **વડતાલ** | |
| અનિલભાઈ | ૯૯૭૯૭૨૮૦૬૧ |
| ચેતનભાઈ | ૯૬૨૪૯૧૫૨૫૨ |

### વિહાર સેવા ગ્રુપ (સુધારો)

| સ્થળ / કેપ્ટન | મોબાઈલ નંબર |
|---|---|
| **માંડવી :** | |
| બાબુભાઈ | ૯૯૧૩૮૯૫૧૦૧ |
| હિતેન્દ્રભાઈ | ૯૯૧૩૬૭૭૨૨૮ |
| **અમદાવાદ-પાલડી-વાસણા** | |
| રૂપેશભાઈ | ૯૪૨૭૬૧૬૭૧૧/૯૧૭૩૧૨૮૮૯૬ |
| રાજભાઈ | ૯૯૭૯૯૪૩૮૪૪ |
| શ્રેયાંસભાઈ | ૮૯૦૫૦૯૩૮૮૧ |
| સજ્ઞીભાઈ | ૯૪૨૯૦૨૪૩૫૪ |

### શાસનપ્રભાવક પૂ.આ.શ્રી રત્નસુંદરસૂરિ મહારાજનો અનુમોદનાપત્ર

ભા.વ.-૬, રાયપુર

વિહાર સેવા ગ્રુપના શાસનપ્રેમી તમામ યુવાનો યોગ્ય, ધર્મલાભ...

પં.શ્રી મહાબોધિવિજયજીની મંગલ પ્રેરણાને ઝીલી લઈને તમો સહુએ જંગમ તીર્થ સ્વરુપ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના હૃદયપ્રાણ અને ભાવપ્રાણની સુરક્ષા અર્થે સમય-શક્તિ અને સમજનું યોગદાન આપવાનું જે ભવ્ય પરાક્રમ કર્યું છે એ બદલ મારા તમને સહુને અંતરના ખૂબ ખૂબ અભિનંદન છે.

૨૧૦૦૦ વરસ સુધી પ્રભુવીરનું શાસન જે પૂજ્યોના અસ્તિત્વના કારણે જ ટકવાનું છે એ પૂજ્યોની શાતા-સમાધિમાં નિમિત્ત બનીને તમો સહુ કેવા વિશિષ્ટ અને વિશુદ્ધ પુણ્યના માલિક બની રહ્યા છો એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

તમને સહુને અંતરની શુભકામના અને હૃદયના આશીર્વાદ પાઠવું છું કે સ્થાવરતીર્થની રક્ષા કરતા ય એક અપેક્ષાએ અતિ મહત્ત્વની ગણાતી જંગમતીર્થની રક્ષાના આ મંગળ અભિયાનમાં જોડાઈ જવાના તમને મળેલા સદ્ભાગ્યને તમે કાયમ જીવંત તો રાખજો જ, પણ તમારા સુપુત્રોને પણ વારસામાં આ સદ્ભાગ્ય આપીને જ રહેજો.

રત્નસુંદરસૂરિના ધર્મલાભ

**વિહારસેવા ગ્રુપના**

**સ્મૃતિદિન નિમિત્તે**

**૧ જાન્યુઆરીના વિવિધ સેન્ટરોમાં**

**થયેલ**

**પરમાત્મભક્તિ આદિની ઝલક...**

# મોrningગ PHOTO

### ...વલસાડ...



### ...ભરૂચ...



નવગુજરાત સમય સમાચારપત્રે લીધેલો પૂજ્યશ્રીનો ઈન્ટરવ્યુ...

# ૩૦૦૦ યુવાનો સાધુ-સાધ્વીજીઓની રક્ષા માટે ખડેપગે સેવા આપે છે

## આ યુવાનોનું ગ્રૂપ સમગ્ર ભારતમાં કાર્યરત્ બનશેઃ મહાબોધિવિજયજી

**નવગુજરાત સમય > અમદાવાદ**

'વર્તમાન જૈન શાસનમાં વિદ્વત્તાને કારણે જેઓનું નામ અગ્રેસર હતું એવા પૂ.જંબુવિજયજી મ.સા. માર્ગ અકસ્માતમાં કાળધર્મ પામ્યા અને સાધુ-સાધ્વીજીઓનાં વધતાં માર્ગ અકસ્માતોની વધી રહેલી ઘટનાઓને પગલે મને વિચાર આવ્યો કે આ માટે જૈન સમાજ દ્વારા જ કોઈક પગલાં લેવા પડશે ત્યારે નવેમ્બર-૨૦૦૯માં મુંબઈ ખાતે હું હતો ત્યારે એક યુવાનને મેં વાત કરી ત્યારે તેણે કહ્યું કે અમે ૯ યુવાનો તેયાર છીએ પરંતુ મેં કહ્યું મારે તો ૯ નહીં પણ ૯૦ યુવાનો જોઈએ. શરૂઆતમાં ૯ યુવાનોથી શરૂ થયેલું આ ગ્રૂપ અત્યારે ૩૦૦૦નું થયું છે. જેમાં ક્યારેય પગપાળા યાત્રા કે વિહાર ન કરતાં યુવાનો હોંશભેર સેવા આપે છે', એમ 'નવગુજરાત સમય' સાથેની વાતચીતમાં ગચ્છાધિપતિ જયઘોષસૂરીશ્વરજી મ.સા.નાં શિષ્ય, પંન્યાસ મહાબોધિવિજયજી મ.સા.એ જણાવ્યું છે.

તેમણે કહ્યું કે અમારા ગુરુદેવ, પૂ.જયઘોષસૂરીશ્વરજી મ.સા.નાં આશીર્વાદ સાથે શરૂ થયેલા આ ગ્રૂપની સેવા અત્યારે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં છે. સમગ્ર ભારતમાં આ ગ્રૂપની સેવા શરૂ થાય અને એકપણ સાધુ કે સાધ્વીજીએ એકલા વિહાર ન કરવો પડે તે માટે અમે પ્રયત્ન કરી રહ્યા છીએ. અત્યારે ૩૦૦૦ જેટલા યુવાનો જોડાયા છે, તેમાં ગામે-ગામ કે શહેરમાં



યુવાનોના ગ્રૂપનું નેતૃત્વ કરી રહેલા મહાબોધિવજયજી

જે ગ્રૂપનાં લીડરને કેપ્ટન નામ આપ્યું છે અને આ કેપ્ટનોની એક બેઠક, તા.૨૦મી એપ્રિલનાં રોજ શહેરનાં રેવા જૈન સંઘ, વાસણા ખાતે મળશે.

હાલના સમયમાં બારેય મહિના જૈન સાધુ સિવાય કોઈ પગપાળા વિહાર કરતું નથી અને ભિક્ષા માટે ઘરે-ઘરે જતું નથી, ત્યારે ખાસ કરીને હાઈવે પર થઈ રહેલા અકસ્માતનાં નિવારણ માટે જોડાયેલા યુવાનો પોતાના સમય ખર્ચે છે. આ જે ૩૦૦૦ યુવાનો છે, તેઓ સાધુ-સાધ્વીજી ભગવંતોને ગંતવ્ય સ્થળે મૂકીને સ્વખર્ચે વાહન દ્વારા પરત આવી જાય છે. ભરૂચથી વડોદરા વચ્ચે પણસોલી ગામના ૧૨ જેટલા અજૈન યુવાનો આ સેવા આપી રહ્યાં છે.

### '૧૦૮' તરીકેની સેવા પણ પૂરી પાડે છે

મહાબોધિવિજયજીએ કહ્યું કે ઉદાહરણ તરીકે અમદાવાદમાં ૧૦૦ યુવાનો થયા અને તેમને સાધુ-સાધ્વીજી ભગવંતોને મૂકવા જવાનું હોય તો પ્રયત્ન એવો રહે કે મહિને એક જ વખત તે યુવાનનો વારો આવે, જેથી તેમનો ઉત્સાહ જળવાઇ રહે. આ યવાનોમાં ૧૦-૧૫ યુવાનો એવા હોય છે, જેઓ '૧૦૮'ની સેવા પૂરી પાડે છે, એટલે કે ઇમરજન્સી સેવા આપે છે. તેઓ કહે છે કે કોઇ જનારું ન હોય ત્યારે અચૂક અમને ફોન કરવો અમે અમારું ગમે તેવું કાર્ય છોડીને આવી જઇશું.

### અજૈન યુવાનો પણ સામેલ થયા

આ યુવાનો જે સેવા પૂરી પાડે છે, તેનો ઉલ્લેખ પણ જૈન શાસ્ત્ર પ્રવચન સારોદ્ધારમાં કરાયો છે. જેમાં કહેવાયું છે કે જે સાધુ-સાધ્વીજી ભગવંતોની સેવા દ્વારા સમાધિ આપે છે, તેમને તીર્થંકર નામકર્મ પુણ્યની પ્રાપ્તિ થાય છે. એટલે કે આ યુવાનો વિહાર સેવા દ્વારા પુણ્યનું ઉપાર્જન કરી રહ્યાં છે.

# મોrninગ મેસેજ

સંકલન : શ્રેણિક શાહ-અમદાવાદ
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧



પ્રિય મિત્રો...... પ્રણામ

ઈસવીસન ૨૦૧૪નું નવું વર્ષ શરૂ થઈ ગયું છે. પહેલી જાન્યુઆરીનો સૂર્યોદય થયો, અને ફરી એકવાર એક વર્ષ પૂર્વેની ઘટનાનો જખમ તાજો થઈ ગયો. ભરૂચ-અસૂરિયા મુકામે અકસ્માતમાં કાળધર્મ પામેલા બે મુનિભગવંતો... (૧) પૂ.મુનિશ્રી જ્ઞાનશેખર વિ.મ. તથા (૨) પૂ.મુનિશ્રી હસ્તગિરિ વિ.મ.ની યાદ આવી ગઈ.

આ વર્ષથી દર વર્ષની પહેલી જાન્યુઆરીને વિહાર સેવા ગ્રુપ સ્મૃતિદિન તરીકે ઉજવવાનો નિર્ણય લેવાયો. તદનુસાર **મુંબઈ-ગુજરાત**ના અનેક ગ્રુપોએ ફર્સ્ટ જાન્યુઆરીની સંધ્યાએ જિનાલયમાં સંધ્યાભક્તિનું આયોજન કર્યું. **ભરૂચ**ના યુવાનોએ વહેલી સવારે એક્ષીડન્ટના સ્પોટ ઉપર જઈ મનોહર પુષ્પો અને દીપકની રચના કરી બંને ગુરુભગવંતોના સંયમની અનુમોદના કરી. **કડોદ**ના યુવાનોએ ઉપરાંતમાં જીવદયા અને અનુકંપાના કાર્યો કર્યા. **માંડવી**ના V.S.G.ના મેમ્બરોએ આ નિમિત્ત પામી દર રવિએ સમૂહ સામાયિક અને અઠવાડીયે એક દિવસ ભાવના ભણાવવાનું નક્કી કર્યું. સહુ મિત્રોની લાગણીની ભૂરિ ભૂરિ અનુમોદના.

## આનંદો

વિહારસેવા ગ્રુપની વેબસાઈટ ખૂલી ગઈ છે.
વિહારને લગતી નવી નવી માહિતીઓને જાણવા ઓપન કરો...

**www.viharseva.com**

વેબસાઈટ અંગે આપના કોઈ સૂચન હોય તો સંપર્ક કરો...
ધવલ શાહ : ૯૩૨૩૨૨૪૧૭૨

સૂચના : V.S.G.ના કેપ્ટનો પાસે શ્રી ધવલભાઈ જે પણ ડેટા મંગાવે તે બને તેટલી ઝડપથી તેમને મોકલી આપવા સહુ કેપ્ટનોને વિનંતી.

: સૌજન્ય :

**ભમરાજજી શંભુજી તાતેડ** (ગઢસિવાણાવાળા) હાલ-નવસારી.

Book-Post : Printed Matter

શ્રી,

પ્રકાશક : **શ્રી વિહાર સેવા ગૃપ** C/o. **કિરીટ ગ્રાફિક્સ**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧ e-mail : kiritgraphics@yahoo.com